# એકપણ એજન્ડા વગર મળેલી મહાપાલિકાની સામાન્ય સભા



(ફોટો : દિપક ઠક્કર)

## આજે મળેલી સામાન્ય સભામાં આડેધડ ખડકાયેલા મોબાઈલ ટાવરોના મામલે થોડા શોરબકોરને બાદ કરતા પાણી, સફાઈ સહિતના પ્રશ્નોની ચર્ચા જ ન થઈ

ભાવનગર, શુક્રવાર

ભાવનગરમાં નવા મોબાઈલ ટાવર નાંખવા માટે હાલ મંજુરી નહી મળે, પાલિકા બે મહિનામાં આ અંગે નવા નિમયો બનાવશે.

ભાવનગર મહાપાલિકાની સામાન્ય સભા આજરોજ મેયરના અધ્યક્ષ સ્થાને મળી હતી જેમાં શહેરમાં આડેધડ ખડકી દેવામાં આવેલા મોબાઈલ ટાવર અંગે વિસ્તૃત ચર્ચા કરીને દેકારો મચાવ્યા બાદ આખરે જ્યાં સુધી નવા નિયમ ન ઘડાય ત્યાં સુધી નવા મોબાઈલ ટાવરને મંજુરી નહીં આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

કાયમી કમિશ્નર તરીકે એ.એસ.પટેલની નિમણુંક થયા બાદ મળેલી પ્રથમ સામાન્ય સભામાં શહેરમાં ખડકી દેવામાં આવેલા મોબાઈલ ટાવર અંગે ગરમા - ગરમ ચર્ચા જોવા મળી હતી. ગેરકાયદે ટાવરોની સંખ્યા તેમજ ક્યાં સંજોગો અને નિમયોને આધિન મંજુરી અપાઈ તે અંગે ભારે શોરબકોર થયો હતો.

આખરે કમિશ્નર પટેલે મોબાઈલ ટાવર અંગે આગામી ૬૦ દિવસની અંદર નવા નિયમ બનાવવા અને ત્યાં સુધી મોબાઈલ ટાવર ઉભો કરવા અંગે મંજુરી આપવી નહીં તેવું સૂચન કરતાં આ સૂચનને વધાવી લેવામાં આવ્યું હતું.

સામાન્ય સભામાં બહુ બોલકા કોંગ્રેસના નગરસેવક અરવિંદ પરમારે સોહરાબુદ્દીન એન્કાઉન્ટરનો મુદ્દો ઉછાળતા સભામાં ગરમી જોવા મળી હતી. આખરે એજન્ડામાં સામેલ આર્થિક સહાય, લીઝપટ્ટા તેમજ નામકરણ અંગેના ઠરાવોને સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા હતાં. આજની સાધારણ સભામાં પાણી પ્રશ્ન, સફઈ જેવા મહત્વના અને પ્રાણ પ્રશ્નો અંગે એક પણ સભ્યએ ચર્ચા કે પ્રશ્ન ઉઠાવ્યો ન હતો. ખોટા પ્રશ્નો અંગે શોર બકોર કરીને સભાનું કામકાજ આટોપી લેવામાં આવ્યું હતું.

# ત્રણ દિવસના વિરામ બાદ કાંઠાળ વિસ્તારમાં અર્ધાથી દોઢ ઈંચ વરસાદ

ભાવનગર, શુક્રવાર

ભાવનગર જિલ્લાના દરિયા કાંઠાના વિસ્તારોમાં અર્ધાથી દોઢ ઈંચ જેટલો વરસાદ પડ્યો છે.

ભાવનગર જિલ્લામાં છેલ્લા ત્રણેક દિવસના વિરામ બાદ દરિયા કાંઠાના વિસ્તારમાં વરસાદી માહોલ જોવા મળ્યો હતો.

શનિ અને મંગળ ગ્રહની યુતિના કારણે કેટલાંક વિસ્તારોમા ભારેથી અતિભારે વરસાદ વરસી રહ્યો છે તો કેટલાંક વિસ્તારોમાં છુટોછવાયો વરસાદ પડી રહ્યો છે. શનિ ગ્રહ પ્રભાવિત ગોહિલવાડની ધરતી ઉપર મંથરધારે વરસાદ વરસી રહ્યો છે. ત્રણ દિવસના વિરામ બાદ આજે જિલ્લાના દરિયાકાંઠાના વિસ્તારોમાં અર્ધાથી દોઢ ઈંચ જેટલો વરસાદ પડ્યો હોવાના અહેવાલ છે.

ભાવનગરની ભાગોળે આવેલા ઘોઘા પંથકમાં આજે દિવસ દરમિયાન ૩૬ મિલિમીટર વરસાદ પડ્યો હતો. જ્યારે તળાજા પંથકમાં પોણો ઈંચ અને મહુવા પંથકમાં અર્ધો ઈંચ વરસાદ પડ્યાના અહેવાલ છે. ભાવનગરનું મહત્તમ તાપમાન ૩૨.૪ ડિગ્રી, લઘુત્તમ તાપમાન ૨૫ ડિગ્રી નોંધાયું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૮૦ ટકા તેમજ પવનની ઝડપ ૧૦ કિલોમીટર પ્રતિકલાક રહી હતી.

# ગ્રામ્યકક્ષાએ શહેરો જેવી સુવિધા પૂરી પાડવા તૈયારી

ગાંધીનગર, શુક્રવાર

રાજ્યના ગ્રામ્ય વિસ્તારોનું જીવન ધોરણ ઉંચું આવે અને આત્મા ગામડાંનો અને સુવિધા શહેરની મંત્રને સાકાર કરવા માટે ગ્રામ્ય કક્ષાએ જ શહેરી વિસ્તાર જેવી માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ બનાવી ગ્રામીણ જીવનને સમૃદ્ધ બનાવવાનો રાજ્ય સરકારે મક્કમ નિર્ધાર કર્યો છે એમ પંચાયત મંત્રી નરોત્તમભાઈ પટેલે જણાવ્યું હતું. આજે ગાંધીનગર ખાતે સ્વર્ણિમ ગુજરાત ઉજવણી અંતર્ગત થયેલ ગોલ્ડન ગોલ્સની સિદ્ધી અંગે યોજાયેલ પત્રકાર પરિષદને સંબોધતાં પટેલે ઉમેર્યું હતું કે, ગુજરાત તેની સ્થાપનાનું સ્વર્ણિમ જંયતિ વર્ષ ઉજવી રહ્યું છે. ત્યારે રાજ્ય સરકારે સઘન આયોજન કર્યું છે. નરેન્દ્રભાઈ મોદીની દ્રઢ ઈચ્છા શક્તિ અને પ્રબળ નેતૃત્વ હેઠળ ગુજરાતને જે સર્વાંગી વિકાસ સાધ્યો છે તેની દેશ અને દુનિયાને નોંધી લીધી છે. રાજ્યના પ્રત્યેક નગરજનોને વૈશ્વિક સત્રની સુવિધાઓ પ્રાપ્ત થાય તે માટે રાજ્ય સરકાર કૃતનિશ્ચિયી છે. તેમણે ઉમેર્યું કે રાજ્યના તમામ તાલુકા મથકોએ જ્યાં નગર પાલિકા નથી ત્યાં માળખાગત સુવિધા પુરી પાડી શહેરોમાં મળતી તમામ સવલતો રૂર્બન યોજના પુરી પડાશે. તાલુકા હેડ ક્વાર્ટરના ૮૨ ગામો, ૭ હજાર કરતાં વધુ વસ્તી ધરાવતા આદિજાતી વિસ્તારના ૫૫ ગામો અને ૧૦ હજાર કરતાં વધુ વસ્તી ધરાવતા ૧૧૮ ગામો મળી કુલ ૨૫૫ ગામો આ યોજના પસંદ કરાયા છે. જે પૈકી પ્રથમ તબક્કે ૮૨ તાલુકા મથકોને અન્ડરગ્રાઉન્ડ ડ્રેનેજ વ્યવસ્થા પુરી પાડવાનું આયોજન કરાયું છે. આ ઉપરાંત રાજ્યના પાંચ હજાર ગામોમાં ઘન કચરા ના નિકાલની વ્યવસ્થા કરી નિર્મળ ગામ બનાવાશે. અત્યાર સુધી ૧૬૭૦ ગામો નિર્મળ જાહેર થયા છે. અને નિર્મળ ગુજરાત યોજના હેઠળ વર્ષ ૨૦૧૦-૧૧ માટે રૂા. ૧૪૪ કરોડની જોગવાઈ કરાઈ છે.